અપીલ અરજી નં.૩૯૬ તા.૧૨–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનના દબાણ ખાતાના કર્મચારી પી.એન.પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજદિન સુધીમાં દબાણ કરતી લારીઓ(ખાણી, પીણી, વસ્તુ વેચાણ) કુલ્લે કેટલી ઉચકવામાં આવી તેની સંખ્યા વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૬/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ.પટેલની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનના દબાણ ખાતાના કર્મચારી પી.એન.પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજદિન સુધીમાં દબાણ કરતી લારીઓ(ખાણી, પીણી, વસ્તુ વેચાણ) કુલ્લે કેટલી ઉચકવામાં આવી તેની સંખ્યા વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ / ૧૩૦૭ તા. ૧૭–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે સામાયિક પત્રક કે મીટીંગમાં આ સમયગાળાની કોઈ માહિતી રજૂ થયેલ હોય તે આધારે શકય એટલી વિગતો સ્પષ્ટ કરવા તથા છોડાવા માટે નાણા ભરાતા હોય તેની સંખ્યા પણ હોઈ શકે તે વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૫ તા.૨૧–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ તપાસણી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોન દબાણ ખાતની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૦૭ તા.૧૭–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનના દબાણ ખાતાના કર્મચારી પી.એન.પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજદિન સુધીમાં દબાણ કરતી લારીઓ(ખાણી, પીણી, વસ્તુ વેચાણ) કુલ્લે કેટલી ઉચકવામાં આવી તેની સંખ્યા. મુદ્દા નં.(૨) સેન્ટ્રલઝોનના દબાણ ખાતાના કર્મચારી પી.એન. પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજ દિન સુધીમાં દબાણ કરતી લારીઓ (ખાણીપ પીણી, વસ્તુ વેચાણ) કુલ્લે ઉચકવામાં આવેલ લારીઓમાંથી કેટલી વ્યકિત લારી છોડાવી ગયા તેની સંખ્યા અને દંડની રકમ જણાવવી. કુલ. મુદ્દા નં.(૩) સેન્ટ્રલઝોનના દબાણ ખાતાના કર્મચારી પી.એન. પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજ દિન સુધીમાં દબાણ કરતી લારીઓ (ખાણી, પીણી, વસ્તુ વેચાણ) કુલ્લે ઉચકવામાં આવેલ લારીઓમાંથી જે વ્યકિતઓ લારી છોડાવી ન ગયા તેવી કેટલી લારીઓની હરાજી કરી પૈસા વસુલ કરવામાં આવ્યા તેની સંખ્યા તેમજ કુલ્લે કેટલા રૂપિયા વસુલાયા તેની વિગત હાલ ગોડાઉનમાં કુલ્લે કેટલી લારીઓ હાજરમાં છે. તેવા પ્રશ્ન નં.૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી પી.એન. પટેલે ચાર્જ સંભાળ્યા બાદ ઉચકવામાં આવેલ લારીની સંખ્યા, છોડવામાં આવેલ લારીઓ તેમજ વસુલવામાં આવેલ દંડ વિગરે બાબતે રજીસ્ટર તૈયાર કરવામાં આવેલ છે. જેના કુલ પાના નં.૫૨૪ ના રૂા.૨/– પ્રતિ પાના લેખે કુલ રૂા.૧૦૪૮/– જમા કરાવ્યેથી માહિતી મેળવી શકશો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સેન્ટ્રલઝોનના દબાણખાતાના કર્મચારી પી.એન. પટેલ જયારથી ચાર્જ સંભાળ્યો ત્યારથી આજ દિન સુધીમાં "૦" દબાણના રૂટ પર જે દુકાનદારોએ દુકાન બહાર વસ્તુઓ લટકાવે છે તે દુકાનોમાંથી કેટલી વસ્તુ કબ્જે લેવામાં તેની કુલ્લે સંખ્યા અને વસુલ કરવામાં આવેલ દંડની કુલ્લે રકમ તેમજ "૦" દબાણ રૂટ પરથી કબ્જામાં લેવામાં આવેલ વસ્તુઓ સુમનપાના દબાણ ખાતાના પી.એન. પટેલ પાછી આપી શકે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી પી.એન. પટેલે ચાર્જ સંભાળ્યા પછી આજ દિન સુધી '૦' દબાણના રૂટ પર જે દુકાનદારોએ દુકાન બહાર

વસ્તુઓ લટકાવી હોય તેવી દુકાનોમાંથી કબ્જે લેવામાં આવેલ ચીજ વસ્તુઓ અંગેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. છતાં '૦' રૂટ પરથી ઉચકવામાં આવેલ દબાણનું અલગ રજીસ્ટર રાખવામાં આવે છે તેની વિગત ઉપર જણાવ્યા મુજબ રકમ ચૂકતે કર્યેથી માહિતી મેળવી શકશો. મુદ્દા નં.(૫) કોટ સફીલ રોડ ઉપર શિવાજીની પ્રતિમાથી નવસારી બજાર સુધીના રૂટ પર દબાણ કરે છે. ત્યાંથી કેટલી વસ્તુ આજ દિન સુધી કબ્જે લેવામાં આવી તેની સંખ્યા તેમજ કુલ્લે વસુલ કરવામાં આવેલ દંડની રકમ જણાવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોટસફીલ રોડ ઉપર મહારાણા પ્રતાપની પ્રતિમાંથી નવસારી બજાર રૂટ પર કાટપીટીયા ભંગારવાળા સેનેટરીવાળાઓ રોડ પર દબાણ કરે છે ત્યાંથી આજ દિન સુધી કબ્જે લેવામાં આવી હોય તેવી વિગતો તેમજ દંડની રકમ રેકર્ડ પર ઉપલબ્ધનથી. તેમ છતાં ઉપાડવામાં આવેલ દબાણની વિગતો ઉપર જણાવેલ રજીસ્ટરમાં આવી જાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) રાજમાર્ગ "૦" દબાણ રૂટ જાહેર કરવામાં આવેલ હોય સુમપાની ફુટપાટ ઉપર તેમજ જાહેર રોડ પર જે દબાણ કરતી લારીઓ કુલ્લે કેટલી પકડવામાં આવી આજ દિન સુધી આ તમામ પાસે કુલ્લે કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો અને "૦" દબાણના રૂટ પરથી કબ્જે કરવામાં આવેલ તમામ પ્રકારની વસ્તુઓ સુમપાના દબાણ ખાતાવાળા દબાણ કરતાને પાછી આપી શકે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાજમાર્ગ '૦' દબાણ રૂટ જાહેર કરવામાં આવેલ હોય જેની વિગતો અલગ રેકર્ડ ઉપલબ્ધ નથી. તેમ છતાં આ વિગત ઉપર જણાવ્યા પ્રમાણે રજીસ્ટરમાં આવી જાય છે વધુમાં '૦' દબાણવાળા રસ્તા પરથી ઉઠાવવામાં આવેલ દબાણ પાછી આપી શકાતું નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. આધાર તરીકે (૧) મે જે માહિતી જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ તે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીએ એ જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે તેમજ માહિતી છુપાવવામાં આવેલ છે. (૨) મે જે માહિતી મુદ્દા નં.૧ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૧ માં મે દબાણ કરતી લારીઓ કુલ્લે ઉચકવામાં આવી તેની સંખ્યા જ માંગવામાં આવેલ નહી કે મે કોઈ રેકર્ડ માંગેલ મે તો આંકડાકીય માહિતી માંગેલ. (૩) મે જે માહિતી મુદ્દા નં.૨ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૨ માં મે દબાણ કરતી કુલ્લે ઉચકવામાં આવેલ લારીઓમાંથી કેટલી વ્યકિતઓ લારી છોડાવી ગયા તેની સંખ્યા તેમજ દંડની રકમ જણાવવી નહીં કે રેકોર્ડ માંગેલ મે તો આંકડાકીય માહિતી માંગેલ. (૪) મે જે માહિતી મુદ્દા નં.૩ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૩ માં મે કુલ્લે ઉચકવામાં આવેલ લારીઓમાંથી જે વ્યકિતઓ લારી છોડાવી ન ગયાતેવી કેટલી લારીઓની હરાજી કરી પૈસા વસુલ કરવામાં આવ્યા તેની સંખ્યા તેમજ કેટલા રૂપિયા વસુલ કરવામાં આવ્યા તેમજ હાલ ગોડાઉનમાં કુલ્લે કેટલી લારીઓ હાજરમાં છે તેવું પુછેલ નહી કે રેકર્ડ મે તો આંકડાકીય માહિતી માંગેલ. (૫) ) મે જે માહિતી મુદ્દા નં.૪ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૪ '૦' દબાણના રૂટ પર જે દુકાનદારોએ દુકાનની બહાર વસ્તુઓ લટકાવે છે તેવી કેટલી દુકાનોમાંથી કબ્જે લેવામાં આવી તેની સંખ્યા પુછવામાં આવેલ તેમજ જે દુકાનદારો દુકાન બહાર વસ્તુઓ લટકાવે છે તે દુકાનદારો પાસે કેટલો દંડ વસુલ કરવામાં આવેલ છે તે આંકડાકીય માહિતી માંગેલ '૦' દબાણ રૂટ પરથી કબ્જામાં લેવામાં આવેલ વસ્તુઓ પાછી આપી શકે તે ચોખ્ખું જણાવેલ નથી. મુદ્દા નં.(૬) મે જે માહિતી મુદ્દા નં.૫ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૫ થી માંગેલ માહિતી મુજબ દબાણ કરતી વસ્તુઓ કબ્જે લેવામાં આવેલ તેની આંકડાકીય માહિતી માંગેલ તેમજ તેમજ દબાણ કરતી વસ્તુઓ કબ્જે લેવામાં આવેલ તેનો દંડ વસુલ કેટલો કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી માંગેલ તે જણાવેલ નથી. (૭) મે જે માહિતી મુદ્દા નં.૩ થી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે. જેમાં મને ૫૨૪ પાનાના ૨/– રૂપિયા લેખે ૧૦૪૮ રૂપિયા ભરવા જણાવવામાં આવેલ પરંતુ મુદ્દા નં.૬ થી માંગેલ માહિતી મુજબ '૦' દબાણના રૂટ પરથી કુલ્લે દબાણ કરતી લારીઓની સંખ્યા મતલબ કે કુલ્લ ેકેટલી લારીઓ પકડી તેમજ કુલ્લે કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી માંગેલ નહીં કે રેકોર્ડ માંગેલ.

આમ અરજદારે અપીલ તબકકે આપેલી માહિતી બાબતે તેમના રજૂ કરેલ આધારોમાં રેકર્ડની માહિતી માંગવામાં આવેલ નથી પરંતુ આંકડાકીય માહિતીની માંગણી કરેલ છે. વધુમાં અરજદારે '૦' દબાણ રૂટ ઉપર કબ્જામાં આવેલ વસ્તુઓ પાછી આપી શકે તે ચોખ્ખું જણાવેલ નથી તેવા પ્રશ્ન બાબતે તેમના મુદ્દા નં.૬ માં '૦' દબાણવાળી રસ્તા પરથી ઉઠાવવામાં આવેલ દબાણ પાછી આપી શકાતું નથી. તેવું સ્પષ્ટ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસ ેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. સામાન્ય રીતે દબાણમાં મેળવેલ માલ સામાન ની નોંધ થતી

હોય અને પાવતી પણ અપાતી હોય સાથે પરત કરતી વેળા પણ રસીદ લેવાતી હોય તથા તે અંગેનો નિયત ચાર્જ લેવાતો હોય તે સંજોગોમાં નાણાકીય વસુલાત રજીસ્ટર પરથી આંકડાકીય સંખ્યા ઉપલબ્ધ થઈ શકે. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આ અંગે વિગતો માંગવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી કોઈ પક્ષ રજૂ થયેલ નથી. આથી દબાણ રજીસ્ટરના આધારે ઉંચકવામાં આવેલ લારીઓની સંખ્યા છોડવામાં આવેલ લારીઓની સંખ્યા તેમજ વસુલવામાં આવેલ દંડ જો આંકડાકીય રીતે અલાયદો દફતરી ઉપલબ્ધ હોય તો તે અરજદારને પૂરો પાડવો રહે. વિકલ્પે અરજદારને તપાસણી પૂરી પાડી જરૂરી વિગતો મેળવવા જણાવવાનું રહે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૦૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે દબાણ/વસુલાત, રજીસ્ટર આધારીત ઉપરોકત હકીકતમાં જણાવેલ વિગતે દફતરી ઉપલબ્ધ અલાયદી હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા – જો તે ન હોય તો વિકલ્પે દિન–૭ માં અરજદારને લાગત રજીસ્ટરની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા તથા તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ ,